અપીલ અરજી નં.૮૮ તા.૧૯–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી
પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

OZLIFNGL CSLSTov

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૦–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) આપશ્રીએ અમો અરજદારને તા.૧૮–૪–૧૧ ના પત્રથી જણાવેલ છે કે અમો અરજદારની તા.૨૦–૧૦–૧૦ ની આઈ.ડી. નં.૭૬૭ ની તપાસ કરી રહયા છો જે તપાસની કાર્યવાહી અંગેની માહિતિની નકલ. મુદ્દા નં.(૨) આપશ્રીએ અમો અરજદારને તા.૭–૫–૧૧ ના પત્રથી જણાવેલ છે કે મે.કમિશ્નરશ્રીની મંજુરી મેળવીને ૨૧૮ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી તપાસ કાર્યવાહી કરેલ છે. જેથી મે. કમિશ્નરશ્રીની પૂર્વ મંજુરીનાં પત્રની નકલ. મુદ્દા નં.(૩) આપશ્રીએ અમો અરજદારને તા.૭–૫–૧૧ ના પત્રમાં જણાવ્યા અનુસાર મે. કમિ.શ્રીએ તા.૨૩–૪–૧૧ ના પત્રથી અમો અરજદારની અરજી દફતરે કરવા અંગેના પત્રની માહિતીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૫–૧૧ ની **SMC/FAP/** નં.૮૮/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૦–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧)આપશ્રીએ અમો અરજદારને તા.૧૮–૪–૧૧ ના પત્રથી જણાવેલ છે કે અમો અરજદારની તા.૨૦–૧૦–૧૦ ની આઈ.ડી. નં.૭૬૭ ની તપાસ કરી રહયા છો જે તપાસની કાર્યવાહી અંગેની માહિતિની નકલ. મુદ્દા નં.(૨) આપશ્રીએ અમો અરજદારને તા.૭–૫–૧૧ ના પત્રથી જણાવેલ છે કે મે.કમિશ્નરશ્રીની મંજુરી મેળવીને ૨૧૮ ડ્રાઈવરોની પ્રતિક્ષા યાદી તપાસ કાર્યવાહી કરેલ છે. જેથી મે. કમિશ્નરશ્રીની પૂર્વ મંજુરીનાં પત્રની નકલ. મુદ્દા નં.(૩) આપશ્રીએ અમો અરજદારને તા.૭–૫–૧૧ ના પત્રમાં જણાવ્યા અનુસાર મે. કમિ.શ્રીએ તા.૨૩–૪–૧૧ ના પત્રથી અમો અરજદારની અરજી દફતરે કરવા અંગેના પત્રની માહિતીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૭ તા.૨૬–૫–૧૧ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મુળ અરજીમાં તા.૧૮–૪–૧૧ તથા ૭–૫–૧૧ ના પત્રો સામેલ કરેલ ન હોઈ તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૪૪૨ તા.૩૦–૫–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન / આરટીઆઈ/જાવક/૨૨૭ તા.૧૧–૫–૧૧ થી વીજીલન્સ ઓફિસરને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.વીઆઈડી/૩૬૫ તા.૧૬–૫–૧૧ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૪૪૧ તા.૨૨–૫–૧૧ થી પર્સોનલ ઓફિસર મહેકમ વિભાગને મુદ્દા નં.૨ અંગે તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલી માહિતી અંગે નાપત્ર નં.વીઆઈડી/૪૪૦ તા.૨૭–૫–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૨૦–૧૦–૧૦ ની આઈ ડી નં.૭૬૭ ની તપાસ કરી દફતરે કર્યા અંગેના રીપોર્ટની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૦–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ વિષયની માહિતી માંગતી અરજી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અને જાહેર માહિતી અધિકારીને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૨૭ તા.૧૧–૫–૧૧ થી વીજીલન્સ ઓફિસરને અરજી તબદીલ કરવામાં આવેલ. વીજીલન્સ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૪૪૧ તા.૨૨–૫–૧૧ થી પર્સોનલ ઓફિસર મહેકમ વિભાગને મુદ્દા નં.૨ અંગે તબદીલ કરેલ છે. જેમાં અરજદારે સદર માંગણી ૪૮ કલાકમાં પૂરી પાડવાની માંગણી કરેલ છે. પરંતુ અરજદારની માંગવામાં આવેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૧) હેઠળની જોગવાઈઓ મુજબ કોઈ પણ વ્યકતિની જીંદગી અંગે સ્વતંત્રતા સાથે સંબધિત હોય તેવી માહિતી ૪૮ કલાકની અંદર મેળવવાની જોગવાઈ છે જે અંગે અરજદારે માંગેલ માહિતી તેવી કક્ષામાં આવતી હોવાનું જણાતું નથી. વધુમાં અરજદારને માંગવામાં આવેલી માહિતી સંદર્ભે અપીલ તબકકે આરટીઆઈના નિયમ–૬ મુજબ મુળ અરજીમાં તા.૧૮–૪–૧૧ તથા તા.૭–૫–૧૧ ના પત્ર સામેલ કરવા જરૂરી છે તેમ છતાં અરજદારની અપીલ તબકકે

પત્ર પાઠવવા છતાં અને અપીલના અનુસંધાને વિગતો રજૂ કરવાનું અરજદારને શીરે રહે છે. તેમ છતાં તક આપવા છતાં તે માટે નિષ્ફળ રહેલ છે. અરજદારને મુદ્દા નં.૧ અને ૩ તા.૨૦–૧૦–૧૦ ની અરજી બાબતે કાર્યવાહીને લગતી તથા કરેલી કાર્યવાહી દફતરે કર્યા અંગેની માહિતી અંગે અરજદારને વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૩૬૫ તા.૧૬–૫–૧૧ થી માહિતીની નકલના પાના નંગ–૨ પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં. ૨૭૨૪૭૮ તા.૨૪–૫–૧૧ થી રૂા.૪/– ભરપાઈ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૪૪૦ તા.૨૭–૫–૧૧ થી અરજદારને તેની માહિતીની નકલ પૂરી પાડવામાં આવેલ છે જેની નકલ અત્રે રજૂ કરેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ અને ૩ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ અંગે પર્સોનલ ઓફિસરને મહેકમને તબદીલ કરવામાં આવેલ છે. પરંતુ અરજદાર કક્ષાએથી અપીલ તબકકે માંગવા છતાં આવી વિગતો રજૂ થયેલ ન હોય અપીલમાં જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને પક્ષકાર બનાવી શકાયા નથી. અત્રે એ પણ સૂચક છે કે અપીલ દરમ્યાન તક આપવા છતાં અરજદાર કક્ષાએથી પણ અપીલ તબકકે મુદ્દા નં.૨ બાબતે કોઈ ફેર રજૂઆત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૦૫–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૩ અંગે ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે કોઈ વિવાદ રહેતો નથી જયારે મુદ્દા નં.૨ અંગેની માહિતી (મધ્યસ્થ મહેકમ) તરફથી પૂરી પડાયેલ હોય તો અરજદારને તેના સંદર્ભસહ સૂચિત કરવા અને ન પૂરી પાડેલ હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દફતરી વિગતે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,

(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,